## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ના અહીં... આપણે એકી બેકી... કોઇ પર પણ... પ્રતિબંધ નહીં આવે...!! એ તો કેજરીવાલે, દિલ્હીમાં પ્રદુષણ ન થાય એટલે, એકી બેકી નંબરનાં વાહન વારાફરતી વાપરવા એવું કહ્યું છે...!!

# સે-૨૯ના જ કેટેગરીના સરકારી આવાસમાંથી ઈલેક્ટ્રીકનુ આખે-આખું મીટરબોર્ડ ગાયબ

ગાંધીનગર, તા. ૫

સે-૨૯માં ઈલેક્ટ્રીક મીટર વિના જ અરજદારને તંત્ર દ્વારા મકાનનો કબજો સોંપી દેવામાં આવ્યો છે. સરકરી મકાનમાં મીટરની વ્યવસ્થા કરવા માટે અરજદારને છેલ્લા બે મહીનાથી ધક્કે ચઢાવાતા પ્રબળ રોષની લાગણી વ્યાપી છે.સાત વર્ષની માંગણીના પણ કર્મચારીને મીટર વગરનુ કવાર્ટર ફાળવવામાં આવતા તેને હજુ માથે પાકી છત નસીબ થઈ નથી. બીજીતરફ ખાલી આવાસનો કબજો લેતી વેળાએ તંત્ર દ્વારા યોગ્ય તપાસ કર્યા વિના જ અરજદારને કબજો સોંપી દીધો હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. પોતાને ફળવાયેલા મકાનનો કબજો મેળવીને પણ અરજદારે મીટર કાર્યરત થાય તે માટે છેલ્લા બે મહીનાથી કચેરીઓમાં ધક્કા ખાવાનો વારો આવ્યો છે.

**અરજદારને મીટર વગરનુ મકાન ફાળવી દેવાતા બે મહીનાથી સરકરી કચેરીઓમાં ધક્કા ખાય છે : તંત્રને ફરિયાદ સાંભળવામાં રસ નથી**

પોલીસ ભવનમાં જુનિયર કલાર્ક તરીકે નોકરી કરતા કર્મચારીને વર્ષોની માંગણીના અંતે સે-૨૯માં જ કેટેગરીનુ મકાન ફાળવવામાં આવ્યુ હતુ.ગત ઓકટોબર મહીનામાં અરજદારને મકાનની ફાળવણી કરવામાં આવ્યા બાદ મીટર ગાયબ હોવાનુ સ્પષ્ટ થતા તેમણે આ અંગે પાટનગર યોજના ભવનના ડીવિઝન-૧ માં જાણ કરી હતી. જયાંથી તેમને સેકટરની ઈન્કવાયરી કચેરીનો સંપર્ક કરવાનો ઉડાઉ જવાબ મળ્યો હતો. ત્યારબાદ તેમણે આ અંગે ઈલેક્ટ્રીક વિભાગમાં પણ રજુઆત કરી હતી. પરંતુ જવાબદાર અધિકારી હાજર ન હોવાનુ જણાંવી તેમને ધક્કા ખવડાવામાં આવતા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. શહેરમાં એકબાજુ સરકારી આવાસોના રીનોવેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. ત્યારે સરકારી આવાસોમાંથી પોપડા ખરતા હોવાના પણ અનેક કીસ્સાઓ પણ ધ્યાને આવતા રહીશોમાં ભયની લાગણી વ્યાપી છે.

મજબૂતીકરણની કામગીરીના અંતે પણ ગુણવત્તાનો અભાવ વર્તાય છે. શહેરમાં જોખમી મકાનોની સંખ્યા વિશેષ છે. ત્યારે અરજદારોને ફાળવવામાં આવતા આવાસોમાં પણ સુવિધાના નામે મીંડુ હોવાનુ સ્પષ્ટ થયુ છે.એકબાજુ આવાસોનો કબજો લેતા અને આપતા પુર્વે તંત્ર દ્વારા યોગ્ય ચકાસણી કરવામાં આવતી હોવાનો દાવો કરવામાં આવે છે. આમછતા તંત્રની બેદરકારીના લીધે અરજદારને મકાનની ફાળવણી બાદ પણ માથે છત મળી શકી નથી. છેલ્લા બે મહીનાથી આ મામલે રજુઆત કરતા અરજદારની વાત પણ કોઈ સાંભળતુ નથી.

## ખૂણે ખાંચરેથી...

● નવી શિક્ષણનીતિની ડ્રાફ્ટ કમિટીના સભ્યપદે રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ શ્રી સુધીર માંકડની નિયુક્તી કરાઈ છે.

● આગામી સપ્તાહના અંતમાં આરોગ્ય વિભાગ દ્વારા સ્વાઈન ફલુ અને કોંગો ફીવર જેવી બિમારી અંગેનો સેમિનાર મેડીકલ કોલેજના હોલમાં યોજવામાં આવેલ છે.

● ગાંધીનગરના કાઉન્સીલરો સાથે આજે મતદારયાદી સુધારણા ઝુંબેશને લઈ કલેક્ટર શ્રી રવિશંકરે બેઠક કરી હતી.

● ડિસેમ્બર મહિનો વર્ષનો અંતિમ માસ હોવાથી કર્મચારીઓ રજાઓ ભોગવવાના મુડમાં વધુ છે.

● ગાંધીનગર શહેરમાં આજે ઠંડીના પ્રમાણમાં ઘટાડો નોંધાતાં લોકોએ રાહત અનુભવી છે.

● ગાંધીનગર જિલ્લાના રાંધેજા ખાતે વિશ્વ જમીન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

● ગાંધીનગર શહેરમાં છેલ્લા બે દિવસથી ટ્રાફિકનું ભારણ વધ્યુ છે.

# ગણતરીના દિવસોમાં મહેસુલી તલાટીની ૨૪૦૦ જગ્યાઓ માટે જાહેરાત પ્રસિદ્ધ થશે

ગાંધીનગર, તા. ૫

બહુચર્ચિત તલાટી ભરતી કૌભાંડના બે વર્ષ બાદ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા રેવન્યુ તલાટીની કુલ ૨૪૦૦ જગ્યાઓને અનુલક્ષી ટુંક જ સમયમાં હાથ ધરવામાં આવશે. બે વર્ષ પૂર્વે પ્રકાશમાં આવેલા તલાટી કાંડના લીધે રોજગારીવાચ્છુક ઘણા બેરોજગારોના સ્વપ્ન રોળાઈ ગયા હતા. રાજ્યના બેરોજગાર ઉમેદવારોની છેલ્લા ઘણા સમયથી તલાટી ભરતી પ્રક્રિયા તરફ મીટ મંડાઈ રહી છે. જ્યારે તલાટી કૌભાંડના પ્રત્યાઘાતોની અસર હળવી થયા બાદ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નવેસરથી ભરતી પ્રક્રિયાને અનુલક્ષીને પ્રાથમિક ગતિવિધિઓ શરૂ કરી દીધી છે. ટુંકમાં તલાટી ભરતી સંદર્ભે મંડળ દ્વારા જાહેરાત પણ પ્રસિદ્ધ કરવામાં આવશે તેવું ગૌણ સેવાના વિશ્વસનીય સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

બે વર્ષ અગાઉ મહેસૂલી તલાટી ભરતીમાં મોટાપાયે કૌભાંડ સામે આવતા આ સમગ્ર ઘટનાએ રાજ્યવ્યાપી ચકચાર મચી જવા પામી હતી અને દોઢ વર્ષના અંતે સમગ્ર ભરતીને સરકાર દ્વારા રદ કરી ૧૫૦૦ જગ્યાઓની ભરતી નવેસરથી કરવાનો નિર્ણય લીધો હતો.

**ગૌણ સેવા પસંદગી મંડળે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે**

તલાટી કૌભાંડના પ્રત્યાઘાતોની અસર હળવી થતા થોડા સમય બાદ ગૌણસેવા પસંદગી મંડળે પ્રાથમિક ગતિવિધિઓ શરૂ કરી દીધી છે. ભરતી પ્રક્રિયા માટે જરૂરી નવા સુધારા સાથે ભરતી કરવા અને ગત વર્ષની ૧૫૦૦ તેમજ ચાલુ વર્ષની ૯૦૦ જગ્યાઓ મળી કુલ ૨૪૦૦ જગ્યાઓ માટેની ભરતી કરવામાં આવશે.

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તાજેતરમાં જ આ ૨૪૦૦ મહેસુલી તલાટીની ટુંક જ સમયમાં જાહેરાત સત્તાવાર રીતે પ્રસિદ્ધ કરવામાં આવશે. આ આખી ભરતી પરીક્ષા લેખિત અને કમ્પ્યુટરની પ્રેકટીકલ એમ બે તબક્કામાં લેવામાં આવનાર છે. અને અંદાજીત ફેબ્રુઆરી માસમાં તેની લેખિત પરીક્ષા પણ યોજાશે તેવું ગૌણ સેવાના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

## બહુજન સમાજ પાર્ટી દ્વારા આંબેડકરજીની પુણ્યતિથિ નિમિત્તે આજે શ્રદ્ધાંજલિ સભા

ગાંધીનગર, તા. ૫

બહુજન સમાજ પાર્ટી દ્વારા ડૉ. ભીમરાવ આંબેડકરની ૫૯મી પુણ્યતિથિ નિમિત્તે આજે સેક્ટર-૬ના મેદાનમાં સવારે ૧૧.૦૦ કલાકે શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ તબક્કે શ્રદ્ધાંજલિ સભાથી રેલી પણ યોજવામાં આવશે. આ રેલી વિધાનસભા સામે આંબેડકરની પ્રતિમા પાસે પહોંચી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. આ કાર્યક્રમમાં પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ બચુભાઈ પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ મનસુખભાઈ ચાવડા, તેમજ ત્રિભુવનભાઈ વાઘેલા સહિત મોટી સંખ્યામાં આગેવાનો જોડાશે.



**શહેરના ઘ-૧ થી ગ-૧ તરફ જતી ફોર્ડ ફીગો કારે પલટી મારી**

ગાંધીનગર શહેરના ઘ-૧ થી નાના ગ-૧ તરફ જતી ફોર્ડ ફીગો કાર અચાનક પલટી મારી ગઈ હતી. કારમાં સવાર બે વ્યક્તિઓને સામાન્ય ઈજા પહોંચી હતી. સેક્ટર-૩-એ-ન્યુ અને ૩ તરફ જતાં માર્ગ પાસે જ મોડી સાંજે આ અકસ્માત થતાં મોટી સંખ્યામાં રહિશો દોડી આવ્યા હતા. જ્યારે કાર ડિવાઈડરને અડી જતા કારચાલકે કાબુ ગુમાવતા કાર પલટી મારી ગઈ હોવાનું પ્રત્યક્ષદર્શીઓ જણાવી રહ્યા હતા.

## સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટમાં શિક્ષણ વિભાગનો વિજય

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટ ચાલી રહી છે. આ ટૂર્નામેન્ટ અંતર્ગત આજે શિક્ષણ વિભાગ અને આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ વચ્ચે મેચ યોજાઈ હતી. જેમાં શિક્ષણ વિભાગનો રોમાંચક વિજય થયો છે.

શિક્ષણ વિભાગે પ્રથમ બેટીંગ કરતા ૨૦ ઓવરમાં ૧૨૬ રન નોંધાવ્યા હતા. જેમાં ઈમ્તિયાઝ ભગતે ૪૪ રન ફટકાર્યા હતા. ઈમ્તિયાઝ ભગતે ઓલરાઉન્ડ દેખાવ કરતા આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગની ૩ વિકેટ પણ ખેરવી વિજયનો પાયો નાંખ્યો હતો. અંતિમ ઓવર સુધી રસાકસીભરી મેચમાં શિક્ષણ વિભાગનો વિજય થયો હતો અને ઈમ્તિયાઝ ભગતને મેન ઓફ ધ મેચ જાહેર કરાયા હતા. તેવું શિક્ષણ વિભાગના ઉપસચિવ જયેશ જોષીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## દુઃખદ અવસાન

સ્વ. ચીનુભાઈ મનસુખલાલ શાહનું ગત તા. ૩ ડિસેમ્બરના રોજ દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૧૨ ડિસેમ્બરના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન પ્લોટ નં. ૧૧૫૪/૧, સે. ૨-એ ખાતે રાખવામાં આવ્યું છે.

## મહુન્દ્રા પાટીયા નજીક ઈક્કો કારની ટક્કરે અજાણ્યા વૃદ્ધનું મોત

ગાંધીનગર, તા. ૫

ચિલોડા-હિંમતનગર માર્ગ પર મહુન્દ્રા-પાટીયા નજીક ઈક્કો ગાડીની ટક્કરે અજાણ્યા વૃદ્ધનું ગતરોજ સમી સાંજે ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા-હિંમતનગર માર્ગ પર મહુન્દ્રા પાટીયા પાસે ચેહર ધાબા આવેલું છે. જયાથી ગત રોજ સાંજના સમયે અંદાજે ૬૫ વર્ષીય અજાણ્યા વૃદ્ધ માર્ગ પર પસાર થઈ રહ્યા હતા આ દરમિયાન પુરપાટ ઝડપે દોડી આવતી ઈક્કો કાર નં. જીજે-૧-કેક્યૂ-૯૯૭૧ના ચાલકે રાહદારીને અડફેટે લેતા વૃદ્ધ માર્ગની બાજુમાં ફંગોળાઈ ફેકાઈ ગયા હતા. આથી માથા અને શરીરના ભાગે લોહીયાળ ઈજાઓ થતાં તેમનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

દેવઉઠી અગીયારસ-દેવદિવાળીના દિવસથી લગ્નસરાની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. રાજ્યમાં ચૂંટણીનો માહોલ પુરો થતાં હવે શરણાઈના સૂરો સાંભળવા મળે છે. ત્યારે ચિલોડા પંથકમાં પણ મોટી સંખ્યામાં લગ્ન સમારોહ યોજાયા છે. લગ્નમાં રાત્રીના સમયે બેન્ડવાજા અને ડી.જે.ના તાલે લોકો મન મુકીને ઝુમી ઉઠે છે. લગ્નની સિઝન હોવાથી મંડપ ડેકોરેશન, પાર્ટીપ્લોટ, બેન્ડવાજા, કેટરર્સ, બગી, ઘોડા સહિતના વેપારીઓને ઘરાકીમાં તેજી જોવા મળી છે. ગ્રામ્ય વિસ્તારમાં અવનવી થીમ પર તૈયાર કરાયેલા મંડપ તેમજ રોશનીથી જગમગમાટથી લગ્નનો માહોલ જામ્યો છે. ત્યારે લગ્નમાં અવનવી રસોઈનો સ્વાદ પણ લોકો માણી રહ્યા છે.

## ઉદ્યોગ ભવનમાં ખાણ ખનિજ વિભાગના જીયોલોજીસ્ટ બે લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા

ગાંધીનગર ઉદ્યોગભવનમાં સ્થિત કમિશનર ખાણ ખનીજ વિભાગની લીગલ બ્રાન્ચના જીયોલોજીસ્ટને રૂ. બે લાખની લાંચની રકમ સાથે રંગેહાથ અમદાવાદ એન્ટી કરપ્શન બ્યૂરોની ટીમે ઝડપી પાડ્યા હતા અને આરોપી વિરૂદ્ધ ગાંધીનગર એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી.

અમદાવાદના ઠક્કરનગર ખાતે મારૂતિ બંગલો ખાતે રહેતા પાર્થ ભીખાભાઈ પાનસુરીયાએ જમીનની લીજના લાયસન્સ માટે અરજી કરી હતી. જ્યાં કમિશનર ખાણ ખનીજ વિભાગ ઉદ્યોગ ભવનના જીયોલોજીસ્ટ અભિષેક વિરેન્દ્રકુમાર ત્રિપાઠીએ રૂ. ૨ લાખની લાંચની રકમની માંગ કરી હતી. આથી અરજદાર પાર્થે અમદાવાદ એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે એસીબીની ટીમે છટકુ ગોઠવી જીયોલોજીસ્ટ અભિષેક ત્રિપાઠીને લાંચની રકમ સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને તેના વિરૂદ્ધ ગાંધીનગર એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી. જે બાબતે ગાંધીનગર એસીબીએ વધુ તપાસ હાથ ધરી છે.

## માણસા ખાતે ચામડીના રોગનો નિદાન કેમ્પ

માણસા નગર તેમજ આજુબાજુના ગામોની જનતાને સહર્ષ જણાવવાનું કે શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાનો વડલો (વાનપ્રસ્થાશ્રમ) અને મા પાલઈ વિઘ્નેશ્વરી ધામ (પંચદેવ મંદિર) માણસા ખાતે દર મહિનાના પહેલા રવિવારે ચામડીના રોગનું નિદાન અને સારવાર કેમ્પ વિનામૂલ્યે યોજાય છે. તદ્નુસાર મહિનાના પ્રથમ રવિવારે એટલે કે તા. ૬-૧૨-૨૦૧૫ના રોજ બપોરના ૨.૦૦થી ૬.૦૦ કલાક દરમ્યાન આ પંચોતેરમાં કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

## ગાંધીનગરના બ્રિજેશ મેરજા મોરબી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે નિમાયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના જાહેર જીવનના અગ્રણી એવા બ્રિજેશ મેરજાની નિયુક્તિ મોરબી જિલ્લા કોંગ્રેસ



પ્રમુખ તરીકે થતાં તેઓએ નવી જવાબદારીનો કાર્યભાર તુરત જ સંભાળી લીધો છે. તાજેતરની તાલુકા અને જિલ્લા પંજચાયતની ચૂંટણીઓમાં મોરબી જિલ્લામાં કોંગ્રેસનો ડંકો વગાડવામાં તેમની મહત્વની ભૂમિકા રહી હતી. મોરબી જિલ્લા પંચાયતની ૨૪ બેઠકોમાંથી ૨૨ બેઠકો, મોરબી નગરપાલિકાની ૫૧ બેઠકોમાંથી ૩૨ બેઠકો અને મોરબી જિલ્લાની તમામ તાલુકા પંચાયતો જેવી કે હળવદ, માળીયા, ટંકારા, મોરબી અને વાંકાનેર ઉપર કોંગ્રેસનો વિજય ધ્વજ ફરકાવવા તેમણે આયોજનબદ્ધ રૂપે ભારે જહેમત ઉઠાવી ભાજપ પાસેથી તમામ તાલુકા પંચાયતો, મોરબી નગરપાલિકા અને જિલ્લા પંચાયતો આંચકી લેવામાં તેઓ સફળ રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય રહેશે કે બ્રિજેશ મેરજા અગાઉ પ્રદેશ કોંગ્રેસ મંત્રી, મહામંત્રી, ડેલીગેટ અને રાજકોટ તેમજ મોરબી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ તરીકેનો બહોળો અનુભવ અને સંગઠનનો કાર્યભાર સફળતાપૂર્વક વહન કરી ચૂક્યા છે. પ્રદેશ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, વિપક્ષી નેતા શ્રી શંકરસિંહ વાઘેલા સહિત પ્રદેશ કોંગ્રેસના નેતાઓએ તેમની કામગીરીની કદર કરી આ નિમણુંક આપી છે.

# ઓખાથી કચ્છનું અંતર હવે માત્ર ૧ કલાકમાં કપાશે

ગાંધીનગર, તા. ૫

"આપને કચ્છ નહી દેખા તો કુછ નહી દેખા" આ ઉક્તિને અમિતાભ બચ્ચને પોતાના ઘેઘુર અવાજે એવા લહેકાથી ઉચ્ચારી કે કચ્છમાં પ્રવાસીઓના ટોળે-ટોળા ઉમટી પડવા લાગ્યા છે. હવે આગામી દિવસોમાં કચ્છ-સૌરાષ્ટ્રને અલગ પાડતા કચ્છના અખાતમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ચાલુ થનાર ફેરી સર્વિસના કારણે યાત્રાળુઓની સંખ્યામાં ખૂબ મોટો ઘસારો થશે. કારણ કે આ ફેરી સર્વિસથી ઓખાથી કચ્છના માંડવી બંદર વચ્ચેનો ૧૨ કલાકની કંટાળાજનક મુસાફરી માત્ર એક જ કલાકની અને તે પણ આનંદદાયક બની રહેશે. આજે આ ફેરી સર્વિસમાં મુસાફરી કરવા માટે ઓનલાઈન બુકિંગની વેબસાઈટને લોંચ કરવામાં આવી હતી. આ વેબસાઈટ www. gujaratitours.com છે.

"કચ્છ સાગર સેતુ" નામના આ ફેરી સર્વિસનો પ્રોજેક્ટ દ્વારકા-કચ્છ ફેરીઝ એન્ડ ટુરીઝમ પ્રા.લિ.કંપની તથા ગુજરાત સરકારના મેરીટાઈમ બોર્ડના સંયુક્ત સાહસથી હાથ ધરાયો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ૧૨૦૦ કિમી લાંબા દરિયાઈ કિનારાને ટુરીઝમ ઈન્ડસ્ટ્રીઝની દૃષ્ટિએ વિકસાવવા માટે મહત્વકાંક્ષી અને દુરોગામી પ્રયાસો હાથ ધરાયા છે. આજે ગુજરાત મેરીટાઈમ બોર્ડના વાઈસ ચેરમેન તથા સીઈઓ એ.કે. રાકેશ દ્વારા આ પ્રોજેક્ટની ઓનલાઈન બુકિંગ વેબસાઈટ લોન્ચ કરાઈ હતી. આ પ્રોજેક્ટનો સૌથી મોટો ફાયદો એ છે કે ઓખાથી કોઈ પ્રવાસી કચ્છમાં જવા ચાહે તો તેને રોડ માર્ગે ૧૨ કલાક સમય લેતા

**ડીસેમ્બરના અંતમાં પ્રારંભ થનાર કચ્છ સાગર સેતુ પ્રોજેક્ટની ફેરી સર્વિસથી ૪૫૦ કિમીની લાંબી ૧૨ કલાકની મુસાફરીના બદલે માત્ર એક જ કલાકમાં ઓખાથી માંડવી પહોંચી શકાશે. વેપાર-ઉદ્યોગ પ્રવાસનને લાભ મળશે : ઓનલાઈન બુકિંગ વેબસાઈટ લોન્ચ કરાઈ**

અંદાજે ૪૫૦ કિમીનો કંટાળાજનક થકવી દેનારો પ્રવાસ ખેડવો પડે છે. તેના બદલે ઓખાથી કચ્છના માંડવી બંદરે ફેરી બોટ દ્વારા માત્ર ૧ જ કલાકમાં પહોંચી શકશે. આ ફેરી બોટ સર્વિસના કારણે સમય અને નાણાનો બચાવ થશે તે ઉપરાંત પ્રવાસન, વેપાર, ઉદ્યોગ વગેરેને ઘણો લાભ થશે. કચ્છમાંથી સૌરાષ્ટ્રના જામનગર, રાજકોટ, દ્વારકા, પોરબંદર સહિત અનેક સ્થળે નોકરી-વ્યવસાય અર્થે નાગરિકો આવનજાવન પણ કરી શકશે.

કચ્છ સાગર સેતુ પ્રોજેક્ટના સીઈઓ-પ્રમોટર રાજેશભાઈ દોશી મરીન એન્જિનીયર છે. તેમણે આ પ્રોજેક્ટ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે સીંગાપોરથી કરીદેલ કેટરમાન સુપરફાસ્ટ લક્ઝરી બોટ આ પ્રોજેક્ટમાં વપરાશે. જેમાં એક સાથે પ્રારંભિક તબક્કે ૨૨૦ મુસાફરોની ક્ષમતા ધરાવશે. આ બોટમાં એરકન્ડીશન્ડ કલાસમાં બિઝનેસ, કાફે, ઈકોનોમી કેટેગરી ઉપરાંત નોન-એસી જેવી અલગ અલગ કેટેગરી ઉપલબ્ધ રહેશે. ગુજરાત મેરીટાઈમ બોર્ડના સીઈઓ એ.કે. રાકેશે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ માટે ૨૦૦૯ની સાલમાં એમઓયુ કરાયા હતા. જે આજે સાકાર થવા જઈ રહ્યો છે. ટૂંક જ સમયમાં આ પ્રોજેક્ટ અંતર્ગત ફેરી સર્વિસનો પ્રારંભ કરી દેવાશે.

પ્રોજેક્ટ સીઈઓ-પ્રમોટર રાજેશ દોશીએ જણાવ્યું હતું કે સ્વચ્છતા અભિયાનને ધ્યાનમાં રાખીને પ્રોજેક્ટમાં બાયો-ટોયલેટ્સની વ્યવસ્થા કરાઈ છે. તથા મહિલા સશક્તિકરણને ખ્યાલમાં રાખતા આ પ્રોજેકટમાં માત્ર મહિલા વ્યવસાયિકોને બુકિંગ એજન્ટ બનાવાશે. વળી, આ પ્રોજેક્ટમાં સલામતીના તમામ ધારાધોરણોનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવ્યું છે.



## નાતાલમાં નારાયણી આપશે તેના મહેમાનોને ખાસ ભેટ

ઈંગ્લેન્ડમાં પૌરાણિક સમયથી શિયાળાના પ્રારંભે સુકા મેવાને વિવિધ સિરપ તથા જ્યુસમાં મિક્સ કરી લાંબા સમય સુધી સાચવી તેમાંથી કેક બનાવવાની પ્રથા ચાલી આવે છે. આ પરંપરા ખાસ કરીને નાતાલ ઉત્સવને ધ્યાનમાં રાખીને ઉજવાય છે. ગાંધીનગર પાસેના ભાટ ગામે નારાયણી હાઈટ્સ ખાતે પ્રથમવાર આ પરંપરા આધારિત 'મેરી મિક્સીંગ' નામે કેક મિક્સીંગ સેરેમનીનું આયોજન કરાયું હતું. આ સેરેમનીમાં જુદા જુદા ચુંટેલા ડ્રાય ફ્રુટ્સને વિવિધ સિરપ-જયુસ સાથે મિક્સ કરવામાં આવ્યાં હતા. આ મિક્સીંગને સાચવી આગામી નાતાલના તહેવાર સમયે વિશાળ કેક બનાવી મહેમાનો તથા ગ્રાહકોને પીરસવામાં આવશે. યુરોપમાં એવું કહેવાય છે કે સાંજની કૉફી સાથે ફલૅવર્ડ કેક સ્લાઈસ ના હોય તો તે કોફી અધુરી છે. નારાયણીના હેડ કૂક સતીષ તથા તેમની ટીમ દ્વારા આ પરંપરા મુજબ તૈયાર કરવામાં આવનાર આશરે ૨૫ કિલોની વિશાળ સ્વાદિષ્ટ કેક મહેમાનોના મન લુભાવશે. જે નાતાલની ભેટ સમાન બની રહેશે.

(તસવીર : સમીર રામી)